# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

તારીખ : ૩-૯-૨૦૧૩

## ગોકુળ - મથુરા - વૃંદાવન આગ્રા રેલ કમ બસ યાત્રા પ્રવાસ

સ્નેહી સ્વજન,

**જયશ્રી કૃષ્ણ**

આપશ્રીને જણાવતા આનંદ થાય છે કે, જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના ઉપક્રમે જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે તથા પરસ્પર સદ્‌ભાવના વધે, અને આગામી પેઢીના ઉજ્જવળ ભવિષ્ય માટે સેતુરૂપ બને તે હેતુથી વખતોવખત વિવિધ પ્રવૃત્તિઓ આયોજીત કરવામાં આવે છે. જેની સફળતાના પાયામાં આપનો સક્રીય સાથ, સહકાર અને સહયોગ રહેલ છે. આ વિચારધારાના ભાગરૂપે લગભગ પ્રત્યેક વર્ષે યાત્રા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ ચાલુ વર્ષે **આગામી તા. ૧૬-૧૨-૨૦૧૩ને સોમવારથી તા. ૨૨-૧૨-૨૦૧૩ને રવિવાર સુધી ગોકુળ - મથુરા - વૃંદાવન યાત્રા પ્રવાસનું આયોજન** નીચે જણાવ્યા મુજબ કરેલ છે. આશા છે કે, આ યાત્રા પ્રવાસમાં સૌ જ્ઞાતિજનો મોટી સંખ્યામાં જોડાઈને આ કાર્યક્રમને સફળ બનાવશો.

**પ્રવાસ ખર્ચ**
- : ૬૬ કે ૬૬ વર્ષથી વધુ ઉંમરનાં જ્ઞાતિજનો માટે — રૂા. ૨,૯૦૦/-
- : અન્ય તમામ જ્ઞાતિજન માટે — રૂા. ૩,૨૦૦/-

**યાત્રા પ્રવાસ અંગે ફોર્મ ભરીને આપવાની તારીખ, સમય અને સ્થળ :**

**તા. ૮-૯-૨૦૧૩ને રવિવારે - સવારે ૧૦-૩૦ થી ૧૨ કલાકે**
**તા. ૧૫-૯-૨૦૧૩ને રવિવારે - સવારે ૧૦-૩૦ થી ૧૨ કલાકે**
**સ્થળ : જ્ઞાતિ કાર્યાલય, જગાભાઈ શેઠની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**

**યાત્રા પ્રવાસ અંગેનો વિગતવાર સરક્યુલર જ્ઞાતિજનને આપવામાં આવશે.**

**ખાસ નોંધ :**
**રેલ્વેનું આવવા જવાનું બુકીંગ કરવાનું હોવાથી સાથે મોકલેલ ફોર્મમાં સંપુર્ણ વિગત ભરી, બે પાસપોર્ટ સાઈઝ ફોટા સહીત, ફોટાવાળા ઓળખપત્રની ઝેરોક્ષ સાથે લાવવી.**

વધુમાં અગાઉના યાત્રા પ્રવાસ તથા અન્ય પ્રવૃત્તિઓના સફળ આયોજન અંગે આપ સર્વે જ્ઞાતિજનો દ્વારા મળેલ આર્થિક સહયોગ ઉપરાંત જ્ઞાતિજનોની મહેચ્છાને અનુમોદન આપીને આ યાત્રા પ્રવાસ નિમીત્તે નીચે જણાવેલ વિગતથી સ્પોન્સરશીપ તથા અન્ય અનુદાન સ્વીકારવાનું નક્કી કરેલ છે. જેમાં યથાશક્તિ સહયોગ આપવા તથા ભવિષ્યમાં પણ સક્રીય રહી યાત્રા પ્રવાસ સહીતના તમામ કાર્યક્રમમાં ભાગ લેવા અમારી નમ્ર અપીલ છે.

### સ્પોન્સરશીપની વિગત

| | | | |
|---|---|---|---|
| એક દિવસના સંપૂર્ણ ખર્ચના | **રૂા. ૧૫,૦૦૦/-** | એક વખતનાં નાસ્તાનાં | **રૂા. ૨,૦૦૦/-** |
| એક વખતનાં મિષ્ટ ભોજનનાં | **રૂા. ૫,૦૦૦/-** | એક વખતનાં ચ્હાનાં | **રૂા. ૧,૦૦૦/-** |
| એક વખતનાં સાદા ભોજનનાં | **રૂા. ૩,૫૦૦/-** | | |

**ઉપરાંત અન્ય કોઈપણ ભેટ/અનુદાન ગ્રહણ કરવામાં આવશે.**

---

**જ્ઞાતિજનનું પુરું નામ :** ______________________

## યાત્રા - પ્રવાસ અંગેનું ફોર્મ

**ફોન નં.:**___________ **ફોર્મ નં.:**______

(આ ફોર્મમાં ફક્ત એક જ કુટુંબના (લ્હાણાદારના) સભ્યોના નામ લખવા)

તા. ૮-૯-૨૦૧૩

**મારા કુટુંબની નીચે જણાવેલ વ્યક્તિઓ યાત્રા-પ્રવાસમાં ભાગ લેનાર છે તો તે મુજબની નોંધણી કરશો.**

| અ.નં. | નામ | ઉંમર | રૂા. | કુટુંબના વડા સાથેનો સંબંધ તેમજ મોબાઈલ નંબર | |
|---|---|---|---|---|---|
| ૧ | | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| **કુલ્લે ભાગ લેનાર સભ્યો ............ X = રૂપિયા (અંકે રૂા. )** | | | | | |

**નોંધ : -** (૧) જ્ઞાતિ લ્હાણાદારની સુગમતાને લક્ષમાં લઈ ઉપરોક્ત તારીખ પહેલા આ પ્રવાસનું ફોર્મ પાછળ દર્શાવેલ કાર્યકર્તા પૈકી કોઈપણ એકને મોકલી શકાશે.
(૨) બેઠકજીએ ઝારીજી ભરવાની ઈચ્છા ધરાવનારે ઉપરના ફોર્મમાં પોતાના નામના અનુક્રમ નંબર ફરતે ૦ નિશાની કરવાની રહેશે.
(૩) અપરશમાં જવાનું હોવાથી બ્રહ્મસંબંધ લીધેલ હોવા આવશ્યક છે.

આ યાત્રા પ્રવાસમાં મહત્તમ જ્ઞાતિજનો ભાગ લે તેવી હાર્દિક અપીલ **ટ્રસ્ટીશ્રી નવનીતભાઈ ગોરધનદાસ ચોકસી તથા ટ્રસ્ટીશ્રી રજનીકાન્તભાઈ કનૈયાલાલ ચોકસીએ** કરેલ છે.

આ ઉપરાંત કોઈપણ જ્ઞાતિજનને પ્રવાસમાં નામ નોંધાવવા માટે તેમજ કોઈપણ રકમ, ભેટ, અનુદાન, સહયોગ આપવા નીચે જણાવેલ કાર્યકર્તાઓ સંપર્ક કરવા વિનંતી. **(ઉપરોક્ત તારીખો ૮-૯-૨૦૧૩ અને ૧૫-૯-૨૦૧૩ સિવાય પણ)**

**શ્રી અરવિંદભાઈ એમ. ચોકસી ........૯૪૨૭૬ ૦૭૯૭૭**
**શ્રી રાજુલભાઈ આર. ચોકસી .......૯૮૨૫૦ ૦૮૬૮૧**
**શ્રી અલ્કેશભાઈ આઈ. ચોકસી .......૯૮૨૫૩ ૬૬૬૩૧**
**શ્રી નિશીતભાઈ બી. ચોકસી ........૯૮૭૯૪ ૯૮૭૬૫**
**શ્રી આસીતભાઈ એન. શાહ ..........૯૮૯૮૧ ૨૦૦૧૫**
**શ્રી નૈમેષભાઈ પી. ચોકસી ............૯૦૯૯૬ ૫૮૦૦૧**
**શ્રી યોગેશભાઈ એસ. ચોકસી...........૯૯૨૪૩ ૬૫૧૪૩**
**શ્રી કૌપીનભાઈ કે. ચોકસી .........૯૪૨૬૦ ૩૦૯૦૦**

ચાલુ સાલે કેળવણી ઉત્તેજક ફંડ ખાતે જ્ઞાતિ યુવક મંડળને નીચે મુજબના અનુદાન મળેલ છે. જે બદલ જ્ઞાતિ તેમજ જ્ઞાતિ યુવક મંડળ દાતાશ્રીઓનો હાર્દિક આભાર માને છે. અને અન્ય જ્ઞાતિજનોને ડોનેશન આપવા વિનંતીપુર્વકની હાર્દિક અપીલ કરે છે.

**રૂા. ૧૫,૦૦૧/-** વાડીલાલ મણીલાલ ચોકસી તથા શારદાબેન વાડીલાલ ચોકસી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ રાહત ફંડ ખાતે

**રૂા. ૧૫,૦૦૧/-** સ્વ. સુરેશભાઈ વાડીલાલ ચોકસીના સ્મરણાર્થે હસ્તે મીનાક્ષીબેન ચોકસી - કેળવણી ફંડ ખાતે

**રૂા. ૧૦,૦૦૦/-** સ્વ. વિનોદભાઈ રમણલાલ શાહના સ્મરણાર્થે હસ્તે પ્રફુલ્લાબેન વિનોદભાઈ શાહ

■ **ખાસ નોંધ : જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના સરક્યુલર પ્રિન્ટીંગનો તમામ ખર્ચ શ્રી વિજયભાઈ બાબુલાલ ચોકસી તરફથી આપવામાં આવેલ છે તે બદલ તેમનો આભાર.**

**યાત્રા પ્રવાસ અંગેની સુચના, નિતી-નિયમો નીચે મુજબ રહેશે :**

૧ સામાન ખુબજ મર્યાદીત તથા જરૂર પુરતો જ રાખશો.
૨ યાત્રિકને આપેલા સીટ નંબર ઉપર જ બેસવાનું રહેશે.
૩ મુસાફરી દરમ્યાન વોટરબેગ, ટોર્ચ, જરૂરી દવાઓ સાથે રાખવી.
૩ પોતાની બેગોને સાંકળવડે બાંધવા સાંકળ તથા તાળુ-ચાવી સાથે રાખવા.
૫ કિંમતી ચીજવસ્તુઓ જેવાકે દાગીના, કેમેરા, મોબાઈલ, વિડીયો વગેરે વસ્તુઓ અને પોતાનો સામાન સાચવવાની જવાબદારી પોતાની અંગત રહેશે.
૬ ઓઢવા માટે ચાદર કે ચોરસો રાખવો. ( બિસ્ત્રો ન લેવો. )
૭ યાત્રા દરમ્યાન કોઈપણ યાત્રિકે સંસ્થાના કાર્યક્રમસિવાય કોઈપણ સ્થળે મુખ્ય સંચાલકને માહિતગાર કર્યા વગર જવું નહિ.
૮ યાત્રા દરમ્યાન દરેકે યાત્રિકે પોતાની સ્વજવાબદારી સ્વીકારીને તેમજ પોતાના જોખમે યાત્રા કરવાની રહેશે. યાત્રિકને કોઈપણ શારીરિક-આર્થિક નુકસાન થાય તો તેની જવાબદારી સંસ્થાની અને / અથવા સંચાલકોની રહેશે નહીં
૯ યાત્રા પ્રવાસ દરમ્યાન સંચાલક દ્વારા અન્ય કોઈ સુચના, જાણ કરવામાં આવે તેનો અમલ કરવાનો રહેશે.
૧૦ સામાન્યતઃ લખાવેલ નામ કેન્સલ થઈ શકશે નહીં, તેમજ જે નામ લખાવેલ હશે તેજ વ્યક્તિ આવી શકશે. નોંધાવેલ નામ સિવાયની બીજી કોઈપણ જ્ઞાતિજન તેમની બદલીમાં આવી શકશે નહીં. જો શરતચુકથી આવશે અને ચેકીંગમાં પકડાશે તો ટ્રેનમાં ટી.સી. જે કંઈ સજા કે દંડ કરશે તે જેતે વ્યક્તિએ જ ભોગવવાનો રહેશે.
૧૧ સંજોગોવશાત કાર્યક્રમમાં કોઈપણ ફેરફાર કરવાનો, કાર્યક્રમ કેન્સલ કરવાનો હક્ક સંસ્થાને રહેશે.
૧૨ જે વ્યક્તિઓનું મથુરા આવવાનું નક્કી થઈ ગયેલ હશે તેને પ્રવાસની તારીખથી પહેલા બીજા સરક્યુલર દ્વારા યાત્રાની સંપુર્ણ વિગત જણાવવામાં આવશે.
૧૩ યાત્રા પ્રવાસમાં એક રૂમમાં ૪ વ્યક્તિનો સમાવેશ થાય તેવી વ્યવસ્થા વિચારેલ છે. છતાં સંજોગોવશાત કોઈપણ ફેરફાર કરવાની જરૂર જણાશે તો તે અંગે કમિટીનો નિર્ણય સર્વેએ માન્ય રાખવો પડશે.
૧૪ મોટી ઉંમરના વડીલો આ યાત્રામાં જોડાવા ઈચ્છતા હોય તો તેમણે પોતાની સંભાળ લેવા માટે પોતાના કુટુંબના અન્ય સભ્યને લાવવાથી તેમની સારસંભાળ વ્યવસ્થિત થઈ શકશે.
૧૫ મથુરા યાત્રા પ્રવાસમાં આવનાર વ્યક્તિએ પોતાની સાથે ફોટા વાળા ઓળખપત્ર જેવાકે, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ અથવા પાનકાર્ડ ઓરીજીનલ સાથે રાખવા.
૧૬ સીનીયર સીટીઝનને ટ્રેનનું ભાડુ જેટલુ ઓછું થતું હશે તે રકમ પાછળથી (પ્રવાસ પુરો થયા બાદ) રીફંડ આપવામાં આવશે, પરંતુ સરક્યુલરમાં જણાવેલો ચાર્જ ફોર્મ સાથે પુરેપુરો ભરવો પડશે.
૧૭ વધારે વિગત માટે સંસ્થાના કોઈપણ કાર્યકર્તાનો સંપર્ક સાધવા વિનંતી.

BOOK POST
**PRINTED MATTER**

To,


# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ અને જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

**લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.**

# શ્રી દશા મોઢ ગોભવા જ્ઞાતિ યુવક મંડળ, અમદાવાદ.

કાર્યાલય : લાયબ્રેરીવાળા મકાનમાં (માણકેશ્વર મહાદેવની બાજુમાં) જગાભાઈ શેઠની પોળ, ઢાળની પોળ, આસ્ટોડીયા, અમદાવાદ-૧.

## ગોકુળ - મથુરા - વૃંદાવન આગ્રા રેલ કમ બસ યાત્રા પ્રવાસ

સ્નેહી સ્વજનો તથા સર્વે વડીલ ભાઈઓ-બહેનો, **જયશ્રી કૃષ્ણ**

**આગામી તા. ૧૬-૧૨-૨૦૧૩ને સોમવારથી તા. ૨૨-૧૨-૨૦૧૩ને રવિવાર સુધી ગોકુળ - મથુરા - વૃંદાવન યાત્રા પ્રવાસ**માં આપ સો જોડાયા છો તેનો ખુબ જ આનંદ છે. સંસ્થા દ્વારા આયોજીત મથુરા યાત્રા પ્રવાસની આપણે સૌ આતુરતાથી રાહ જોઈ રહ્યા છીએ. હવે યાત્રા પ્રવાસે જવાનો દિવસ નજીક આવતો જાય છે. યાત્રા પ્રવાસ સગવડભર્યો, આનંદમય અને યાદગાર બની રહે તથા સૌ ભાઈઓ-બહેનો વધુમાં વધુ દર્શનનો લાભ લઈ શકે તે માટે આપણે બધા કટીબધ્ધ છીએ.

આપણે સૌ એક વિશાળ પરિવાર સ્વરૂપે ભાવના, ભક્તિ અને શ્રદ્ધા સાથે શ્રી યમુના મહારાણીજી અને ઠાકોરજીના શરણોમાં જઈ રહ્યા છીએ એ પ્રસંગે આપ સર્વેનું આ યાત્રા પ્રવાસમાં હાર્દિક સ્વાગત છે. યાત્રા પ્રવાસ અંગેની અગત્યની સુચનાઓ અને માહીતી આ સાથે જણાવેલ છે. જેના ઉપર બરાબર ધ્યાન આપવા વિનંતી.

શ્રી યમુના મહારાણીજી અને શ્રી ઠાકોરજીની અસીમ કૃપાથી સમગ્ર પ્રવાસ અને દર્શનનો લ્હાવો આપણે સુખરૂપ માણી શકીશું એવી શ્રધ્ધા અને અંતરની શુભેચ્છા સહ...

આપના સ્નેહાધીન

જ્ઞાતિ તથા જ્ઞાતિ યુવક મંડળના ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારો તથા કમિટી સભ્યશ્રીના જયશ્રી કૃષ્ણ.

### યાત્રા પ્રવાસની અગત્યની સુચનાઓ અને માહિતી :

૧. આપણે સૌ અમદાવાદથી તા.૧૬-૧૨-૨૦૧૩ને સોમવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે મથુરા જવા રવાના થઈશું તથા તા.૨૧-૧૨-૨૦૧૩ને શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે રવાના થઈ અમદાવાદ પરત આવવા નીકળીશું.

૨. આ સાથે તમારી જવા-આવવાની રેલ્વે ટીકીટની વિગત મોકલેલ છે, જેને સાચવી રાખી સાથે લાવવી જરૂરી છે.

**૩. દરેક વ્યક્તિએ અને ખાસ કરીને સીનીયર સીટીઝન વડીલોએ પોતાના ફોટાવાળું ઓરીજીનલ ઓળખપત્ર સાથે રાખવું. ટ્રેનની મુસાફરી દરમ્યાન તેની જરૂર પડશે.**

૪. જતી વખતે અને પાછા આવતી વખતે તમોને જણાવેલ તમારા ટ્રેનનાં કોચ (બોગી) નંબર પાસે ઓછામાં ઓછા એક કલાક પહેલા પહોંચીને કોચ (બોગી) પાસે ઉભેલા સંસ્થાના સ્વયંસેવકને મળી તમારી હાજરી પુરાવી દેવી. તમોને આપેલ સીટ નંબર ઉપર જ બેસવું. કોઈપણ કામ માટે તમારા કોચ(બોગી)ના સ્વયંસેવકનો સંપર્ક કરવો.

૫. સમગ્ર યાત્રા દરમ્યાન દરેક વ્યક્તિએ પોતાના સામાનની જવાબદારી પોતે જ સંભાળવાની છે.

૬. દરેક વ્યક્તિએ (ગ્રુપ મુજબ) સામાન ઉપર નામના લેબલ (સ્ટીકર) લગાવવા અને હેન્ડલમાં રંગીન રીબીન, દોરી, કપડાનો ટુકડો કે અન્ય નિશાની બાંધવી જેથી સામાન ઓળખવામાં અને અલગ કરવામાં સગવડ રહે.

૭. આપણા યાત્રા પ્રવાસ (ડીસેમ્બર) દરમ્યાન મથુરામાં થોડી ઠંડી રહેશે, તે ધ્યાનમાં લઈ જરૂરી ગરમ કપડાની વ્યવસ્થા કરવી.

૮. અમદાવાદથી રવાના થયા બાદ અને એ જ રીતે મથુરાથી રવાના થઈશું ત્યારે દરેકને જમવાનું પોતાની સીટ ઉપર પહોંચાડવામાં આવશે.

૯. બધાની રહેવાની વ્યવસ્થા જતીપુરામાં કરવામાં આવી છે. જેઓને જે રૂમ ફાળવવામાં આવે તેઓએ તે રૂમમાં જ રહેવાનું રહેશે. કોઈએ પોતાની રીતે અંદરો-અંદર ફેરફાર કરવાનો હોય તો તેમની પોતાની જવાબદારીથી કરી શકશે.

૧૦. પ્રસંગ અને સમયને અનુરૂપ અનુકુળતા મુજબ ભજન-કીર્તન-રાસગરબા-મનોરંજન વિગેરેનો કાર્યક્રમ કરીશું. થોડું કષ્ટ પડે તો પણ યાત્રા દરમ્યાન મોડા સુવાનું અને વહેલા ઉઠવાનું રાખવું, જેથી આનંદ માણી શકાય. (યાત્રા દરમ્યાન થોડો કષ્ટ ઉઠાવવાથી ભગવાન પ્રસન્ન થાય છે.)

૧૧. મંગળવાર તા. ૧૭-૧૨-૨૦૧૩ના રોજ સવારે ૮.૦૦ કલાકે મથુરા પહોંચીશું. ત્યાંથી આપણને લેવા બસો આવશે. સમગ્ર યાત્રા દરમ્યાન દરેક જગ્યાએ બસો દ્વારા જવાની વ્યવસ્થા કરેલ છે જે માટે સ્વયંસેવકોની સુચના મુજબ બસમાં બેસવા વિનંતી છે.

૧૨. દરરોજ બધાને વહેલી સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન, રાતના ભોજન આપવામાં આવશે.

૧૩. મથુરા યાત્રા પ્રવાસની યાદગીરી માટે ફોટોગ્રાફીની વ્યવસ્થા કરેલ છે.

૧૪. આપ પૈકી કોઈપણ ભાઈ-બહેનો ક્યાંય બહાર જાઓ તો પણ પ્રોગ્રામના ટાઈમ-ટેબલ પ્રમાણે સમયસર પાછા હાજર થઈ જવા વિનંતી. બધા કાર્યક્રમો નક્કી કરેલા સમય પ્રમાણે શરૂ થશે અને બસો પણ નક્કી કરેલ સમય પ્રમાણે ઉપડશે. જો કોઈ મોડા પડશે તો કાર્યક્રમ શરૂ કરવા માટે કે બસ ઉપાડવા માટે તેની રાહ જોવામાં નહીં આવે. આ માટે સંસ્થા કે વ્યવસ્થાપકો જવાબદાર રહેશે નહીં. માટે સમયપત્રકનો બરાબર અમલ કરવા વિનંતી. બધા દિવસોના કાર્યક્રમની વિગત આ સાથે આપેલ છે.

**૧૫. મથુરાની આ યાત્રામાં આવનાર દરેક વ્યક્તિ પોતાની અંગત જવાબદારીથી આવશે. અકસ્માત, દુર્ઘટના માટે સંસ્થા, સંસ્થાના હોદ્દેદારો કે યાત્રા પ્રવાસ દરમ્યાન સેવા આપતા સ્વયંસેવકોની કોઈ જવાબદારી રહેશે નહીં.**

**૧૬. જે ભાઈઓ-બહેનોને નિયમિત દવા લેવી પડતી હોય તો તેવી દવા સાથે અચુક લઈ લેવી.**

**૧૭. રૂમને લગાવવા માટે તાળા સાથે રાખવા. બેટરી (ટોર્ચ) સાથે લઈ લેવી.**

યાત્રા સ્થળોએ મળતી સુવિધાઓની ગોઠવણી કરી છે, છતાં સ્થળ, સમય અને સંજોગોને આધીન કોઈ અગવડ પડે તો સૌએ તેનો સ્વીકાર કરી સહયોગ આપવા વિનંતી છે.

**-: રોકાણનું સ્થળ :-**

**શ્રી ગીરીધારી ગૌડીયામઠ ગેસ્ટ હાઉસ**

**રાધાકુંડ માર્ગ, દાસવીસા, ગોવર્ધન બસ સ્ટેન્ડ પાસે, ગોવર્ધન, મથુરા (યુ.પી.) (જતીપુરા)**

**ફોન : 0565-2815668**

## પ્રાથમિક તબક્કે નિર્ધારીત કરેલ કાર્યક્રમની વિગત

| તારીખ | સમય | કાર્યક્રમ |
|---|---|---|
| **૧૬-૧૨-૧૩** | સાંજે ૪-૦૦ | **અમદાવાદથી' ગુજરાત સંપર્ક ક્રાન્તિ' ટ્રેન દ્વારા મથુરા** જવા માટે |
| **સોમવાર** | | કાલુપુર રેલ્વે સ્ટેશન પર ગેધરીંગ (ભેગા થઈશું) (અંદર) |
| **૧૭-૧૨-૧૩** | સવારે ૮-૦૦ | **મથુરા રેલ્વે સ્ટેશન આગમન.** ત્યાંથી બસ દ્વારા જતીપુરા (જ્યાં બધાનો ઉતારો છે) |
| **મંગળવાર** | | જવા રવાના |
| | સવારે ૧૦-૦૦ | ચા - નાસ્તો |
| | બપોરે ૧૨-૦૦ | રૂમ એલોટમેન્ટ તથા ભોજન. ત્યારબાદ સ્વખર્ચે ગીરીરાજજી મુખારવિંદ દર્શને, |
| | | બેઠકજી તથા ઝારીજી ચરણ સ્પર્શ |
| | | ગીરીરાજજીની ૨૦ કિ.મી.ની પરીક્રમા, જે માટે દાનઘાટી જવાનું રહેશે. |
| | રાત્રે ૭-૩૦ | ભોજન |
| | રાત્રે ૮-૩૦ | પરીચય મિટીંગ |
| **૧૮-૧૨-૧૩** | સવારે ૭-૦૦ થી ૭-૪૫ | ચ્હા નાસ્તો |
| **બુધવાર** | સવારે ૮-૦૦ | **વૃંદાવન જવા રવાના** |
| | બપોરે | લંચ પેક ભોજન |
| | સાંજે ૭-૦૦ કલાકે | જતીપુરા પરત |
| | રાત્રે ૮-૦૦ કલાકે | ભોજન |
| | રાત્રે ૯-૦૦ કલાકે | ગેઈમ / ગરબા |
| **૧૯-૧૨-૧૩** | | **આગ્રા - ફતેપુર સિકરી** |
| **ગુરૂવાર** | સવારે ૬-૪૫થી ૭-૩૦ | ચા-નાસ્તો |
| | સવારે ૭-૪૫ કલાકે | આગ્રા જવા રવાના |
| | બપોરે | લંચ પેક ભોજન |
| | સાંજે ૭-૦૦ કલાકે | જતીપુરા પરત |
| | રાત્રે ૮-૦૦ કલાકે | ભોજન |
| | રાત્રે ૯-૦૦ કલાકે | હાઉસી |
| **૨૦-૧૨-૧૩** | | **મથુરા, ગોકુલ, વૃન્દાવન** |
| **શુક્રવાર** | સવારે ૬-૪૫ થી ૭-૩૦ | ચ્હા નાસ્તો |
| | સવારે ૭-૪૫ કલાકે | મથુરા જવા રવાના |
| | બપોરે | લંચ પેક ભોજન |
| | સાંજે | યમુનાજીની સંધ્યા આરતી |
| | રાત્રે ૭-૩૦ કલાકે | જતીપુરા તરફ પ્રસ્થાન |
| | રાત્રે ૮-૧૫ ભોજન | |
| **૨૧-૧૨-૧૩** | | **બરસાના** |
| **શનિવાર** | સવારે ૬-૪૫ કલાકે | ચેક આઉટ ★ |
| | સવારે ૭-૦૦ થી ૭-૪૫ | ચ્હા નાસ્તો |
| | સવારે ૮-૦૦ કલાકે | બરસાના જવા રવાના |
| | બપોરે | લંચ પેક ભોજન |
| | બપોરે ૨-૩૦ કલાકે | મથુરા રેલ્વે સ્ટેશને આગમન |
| | બપોરે ૪-૦૦ કલાકે | મથુરાથી અમદાવાદ આવવા રવાના |
| **તા. ૨૨-૧૨-૧૩** | સવારે ૮-૦૦ કલાકે | સંપર્ક ક્રાન્તિ ટ્રેન દ્વારા અમદાવાદ ખાતે આગમન |
| **રવિવાર** | | |

**★ રૂમનો ચેક આઉટ ટાઈમ સવારે ૭-૦૦ કલાકનો હોઈ તે પહેલા રૂમ ખાલી કરવા અન્યથા એક દિવસમાં વધારાની રકમ ચુકવવાની રહેશે.**

**ખાસ નોંધ :**

- **આ યાત્રા પ્રવાસમાં સૌને સુગમતા રહે તે હેતુથી અને ગુજરાતી ટેસ્ટની વાનગી મળે તે માટે અમદાવાદથી જ રસોઈયાની વ્યવસ્થા કરેલ છે.**
- **મહત્તમ ૪ વ્યક્તિ દીઠ એક રૂમ (જેમાં એટેચ્ડ બાથરૂમની સુવિધા છે) એ મુજબની વ્યવસ્થા કરેલ છે.**
- **ખાસ કરીને જ્ઞાતિનાં મહત્તમ કુટુંબીઓને ત્યાં પધારતાં સુદામા ચોબાજીના પરીવારને આ યાત્રા પ્રવાસનાં સંકલનની કામગીરી સોંપેલ છે જેથી યમુનાજીના સાનિધ્યે ચોબાજી માટે કોઈ દાન-દક્ષિણા કરવાની આ તકને સ્વીકારી યોગ્ય કરવા નમ્ર વિનંતી.**

**-: અગત્યના નંબરો :-**

**શ્રી અરવિંદભાઈ એમ. ચોકસી ......૦૯૪૨૭૬ ૦૭૯૭૭**
**શ્રી અલ્કેશભાઈ આઈ. ચોકસી .....૦૯૮૨૫૩ ૬૬૬૩૧**
**શ્રી આસીતભાઈ એન. શાહ ........૦૯૮૯૮૧ ૨૦૦૧૫**
**શ્રી યોગેશભાઈ એસ. ચોકસી.........૦૯૯૨૪૩ ૬૫૧૪૩**
**શ્રી બાલક્રિષ્નભાઈ (ચોબાજી) ........૦૯૪૧૨૨૭૮૧૪૯**
**૦૯૪૧૦૦૧૨૭૩૯**
**શ્રી રાજુલભાઈ આર. ચોકસી .......૦૯૮૨૫૦ ૦૮૬૮૧**
**શ્રી નિશીતભાઈ બી. ચોકસી .......૦૯૮૭૯૪ ૯૮૭૬૫**
**શ્રી નૈમેષભાઈ પી. ચોકસી............૦૯૦૯૯૬ ૫૮૦૦૧**
**શ્રી કૌપીનભાઈ કે. ચોકસી .........૦૯૪૨૬૦ ૩૦૯૦૦**
**પ્રણવ એસ. શાહ ......................૦૯૮૯૮૮ ૬૧૬૧૦**